# વાર્ષિક માસવાર આયોજન

## ધોરણ - ૬

## વિજ્ઞાન (પ્રથમ સત્ર)



shikshansagar.com

શિક્ષણ સાગર

The King of Education



આવા દરેક ધોરણના વિષયવાર આયોજન
શિક્ષણ સાગર એપ્લીકેશનમાં ઉપલબ્ધ છે.

**જૂન / જુલાઇ માસનું પાઠ આયોજન**
**ધોરણ : ૬ વિષય: વિજ્ઞાન અને ટેકનોલોજી**

**પાઠ નું નામ**:
(૧) ખોરાક કયાંથી મળે છે ?

**અધ્યયન નિષ્પતિ :**
- અવલોકી શકાય તેવા ગુણધર્મો ના આધારે વસ્તુ, સજીવ અને પ્રક્રિયાનું વર્ગીકરણ કરે છે.

**શૈક્ષણિક મુદ્દા :**
- ખોરાકની વિવિધતા
- ખાદ્યસામગ્રી અને તેના સ્ત્રોત
- ખાદ્ય સામાગ્રી તરીકે વનસ્પતિના ભાગ અને પ્રાણીજ પેદાશો
- પ્રાણીઓ દ્વારા લેવાતા ખોરાકના આધારે તૃણાહારી, માંસાહારી, મિશ્રાહારી પ્રાણીઓમાં વર્ગીકરણ

**શૈક્ષણિક સાધન :**
- વિવિધ આહારનો ચાર્ટ
- પાઠ્ય પુસ્તક

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**
શિક્ષક વિદ્યાર્થીઓ પાસે દિવસ દરમિયાન લીધેલા ખોરાક વિશે માહિતી મેળવશે. આ બધી વાનગીઓ શેની બનેલી છે તે અંગે ચર્ચા કરશે. વિદ્યાર્થીઓ માહિતી આપશે. ખાદ્ય પદાર્થો અને તેના સ્ત્રોતોમાં વનસ્પતિજન્ય અને પ્રાણી જન્ય વિશે ચર્ચા કરશે. ખાદ્ય સામગ્રી તરીકે વનસ્પતિના ભાગ અને પ્રાણીજ પેદાશો વિશે માહિતી આપશે. ચર્ચા કરશે. પ્રાણીઓ દ્વારા લેવાતા ખોરાકના આધારે તેના વર્ગીકરણમાં તૃણાહારી પ્રાણીઓ, માંસાહારી પ્રાણીઓ, મિશ્રાહારી પ્રાણીઓ વિશે ચર્ચા કરશે.

**પ્રવૃતિ / પ્રોજેક્ટ / પ્રયોગ :**
પ્રવૃતિ : ૧
દિવસ દરમ્યાન ખાધેલી વાનગીઓ ની યાદી બનાવો.
પ્રવૃતિ : ૨
વાનગી બનાવવા કઇ કઇ સામગ્રીની જરૂર પડે છે તે નોધોં
પ્રવૃતિ : ૩
ખાદ્ય પદાર્થોની બનાવટમાં વપરાતા ઘટકો અને તેના સ્ત્રોતની માહિતી નોંધો.
પ્રવૃતિ : ૪
ખોરાક તરીકે વનસ્પતિના ભાગ વિશે જણાવો.
પ્રવૃતિ : ૫
પ્રાણીઓ અને તેના ખોરાક તથા તેના દ્વારા વર્ગીકરણની પ્રવૃતિ.

**મૂલ્યાંકન :**
સ્વાધ્યાયના પ્રશ્નોના ઉત્તરોની ચર્ચા કરી ઉત્તરો લખવા આપીશ.

**જૂન / જુલાઇ માસનું પાઠ આયોજન**
**ધોરણ : ૬ વિષય: વિજ્ઞાન અને ટેકનોલોજી**

**પાઠ નું નામ**:
(૨) આહાર ના ઘટકો

**અધ્યયન નિષ્પતિ :**
- પ્રશ્નોના જવાબ મેળવવા માટે સરળ તપાસ હાથ ધરે છે.
- પ્રક્રિયા અને ઘટનાને કારણે સાથે જોડે છે.
- શીખેલા વૈજ્ઞાનિક ખ્યાલોને રોજિંદા જીવનમાં લાગુ કરે છે.

**શૈક્ષણિક મુદ્દા :**
- વિભિન્ન પ્રકારના ખાદ્ય પદાર્થોમાં શું હોય છે ?

- સ્ટાર્ચ, પ્રોટીન, ચરબીનું પરીક્ષણ

- વિવિધ પોષણ દ્રવ્યો આપણા શરીર માટે શું કાર્ય કરે છે ? તે અંગે ચર્ચા

- સમતોલ આહાર
- ત્રુટિજન્ય રોગો

**શૈક્ષણિક સાધન :**

- પાઠ્યપુસ્તક
- ચાર્ટસ ચિત્રો

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

– વિદ્યાર્થીઓને વિવિધ ક્ષેત્રો / રાજ્યોનાં તથા પોતે લેતાં હોય તેવા ભોજન વિશે ચર્ચા કરી માહિતીનું એકત્રીકરણ કરાવીશ. વિભિન્ન પ્રકારના ખાદ્યપદાર્થોમાં શું હોય છે તે વિશે માહિતી આપી ચર્ચા કરીશ. ખાદ્ય પદાર્થોમાં રહેલા વિવિધ પોષક દ્રવ્યો આપણા શરીર માટે શું કાર્ય કરે છે તે જણાવીશ સમતોલ આહાર એટલે શું ? તેમાં રહેલા પોષક દ્રવ્યો અંગે ચર્ચા કરીશ. ત્રુટિજન્ય રોગો એટલે શું ? તથા વિટામીન અને ખનીજક્ષારોના ઉણપથી થતા રોગ અંગે ચર્ચા કરીશ.

**પ્રવૃતિ / પ્રોજેક્ટ / પ્રયોગ :**

**પ્રવૃતિ :**

વિવિધ ક્ષેત્રો / રાજ્યોનાં કેટલાંક સામાન્ય ભોજનનું એકત્રીકરણ કરવું.

**પ્રયોગ :**

સ્ટાર્ચનું પરીક્ષણ

પ્રયોગ :

ચરબી માટેનું પરીક્ષણ

પ્રયોગ :

પ્રોટીન માટેનું પરીક્ષણ

પ્રવૃતિ :

ફળ તથા શાકભાજીમાં પાણીની માત્રા તપાસી.

**મૂલ્યાંકન :**

સ્વાધ્યાય ના પ્રશ્નોના ઉત્તરોની ચર્ચા કરી ઉત્તરો લખવા આપીશ.

**જૂન / જુલાઇ માસનું પાઠ આયોજન**

**ધોરણ : ૬ વિષય: વિજ્ઞાન અને ટેકનોલોજી**

**પાઠ નું નામ:**

(૩) રેસાથી કાપડ સુધી

**અધ્યયન નિષ્પતિ :**

- પદાર્થના દેખાવ, રચના, કાર્ય સુવાસ વગેરે જેવાં અવલોકન ક્ષમ લક્ષણોના આધારે ઓળખે છે.

- પદાર્થોને તેમના ગુણધર્મો, રચના અને કાર્યના આધારે જુદા પાડે છે.

**શૈક્ષણિક મુદ્દા :**

- કાપડમાં વિવિધતા
- રેસાઓ
- કેટલાંક વનસ્પતિક રેસાઓ – કપાસ અને શણ
- કપાસનાં તાંતણાંનું કાંતણ
- તાંતણાથી કાપડ – વણાટ અને ગૂંથણ

**શૈક્ષણિક સાધન :**

- પાઠ્ય પુસ્તક

વિવિધ કાપડના નમૂના

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

વિદ્યાર્થીઓને દરજીની દુકાન, કાપડની દુકાનની મુલાકાત દ્વારા કાપડમાં રહેલી વિવિધતા વિશે જણાવીશ. રેસા વિશે માહિતી આપીશ. કુદરતી રેસાઓ અને સિન્ટેથેટિક રેસાઓ વિશે જણાવીશ.

કેટલાક વનસ્પતિક રેસાઓ જેવા કે કપાસ, શણ, વિશે માહિતી આપીશ ચર્ચા કરીશ. કપાસનાં તાંતણાનું કાંતણ પ્રવૃતિ દ્વારા સમજાવીશ. તાંતણા માંથી કાપડ બનાવવાની રીતો સમજાવીશ. કાપડનાં મટીરીયલ્સનો ઈતિહાસ વિશે માહિતી આપીશ.

**પ્રવૃતિ / પ્રોજેક્ટ / પ્રયોગ :**

પ્રોજેક્ટ :

- દરજીની દુકાનની મુલાકાત દ્વારા કાપડનું અવલોકન
- કાપડની દુકાનની મુલાકાત

પ્રવૃતિ :

સુતરાઉ કાપડમાંથી તાંતણાનું વિભાજન

પ્રવૃતિ :

રેસામાંથી તાંતણા બનાવવા

પ્રોજેક્ટ :

નજીકમાં આવેલી હાથસાળ કે ઈલેક્ટ્રિક સાળની મુલાકાત

**મૂલ્યાંકન :**

સ્વાધ્યાય ના પ્રશ્નોના ઉત્તરો લખવા જણાવીશ.

## સપ્ટેમ્બર માસ નું પાઠ આયોજન

**ધોરણ : 6 વિષય: વિજ્ઞાન અને ટેકનોલોજી**

**પાઠ નું નામ**:

(6) આપની આસપાસ થતાં ફેરફારો

**અધ્યયન નિષ્પતિ :**

- અવલોકિ શકાય તેવા ગુણધર્મ ના આધારે વસ્તુ, સજીવ અને પ્રક્રિયાનું વર્ગીકરણ કરે છે.
- પ્રશ્નોના જવાબ મેળવવા માટે સરળ તપાસ હાથ ધરે છે.
- શીખેલા વિજ્ઞાનિક ખ્યાલોને રોજિંદા જીવનમાં લાગુ કરે છે.

**શૈક્ષણિક મુદ્દા :**

- આપણી આસપાસ થતાં ફેરફરોનું અવલોકન
- શું બધા જ ફેરફરોનો હમેશા ઉલટાવી શકાય છે ? તેની સમજ
- કેટલાક સામાન્ય ફેરફારો
- શું ફેરફાર કરવા માટે ની અન્ય કોઈ રીત હોઈ શકે છે ? તેની ચર્ચા પ્રશ્નોતરી

**શૈક્ષણિક સાધન :**

- પાઠ્ય પુસ્તક
- પ્રયોગ માટે જરૂરી સાધનો

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

વિદ્યાર્થીઓને આપણી આસપાસ થતાં ફેરફરોનું અવલોકન કરાવીશ. તે ચર્ચા કરીશ. શું બધા જ ફેરફારોને હમેશા ઉલટાવી શકાય છે ? તે પ્રવૃતિ દ્વારા બતાવીશ. વિદ્યાર્થીઓને પ્રવૃતિ કરાવીશ. વિદ્યાર્થીઓ અવલોકન કરશે. કેટલાક સામાન્ય ફેરફારો જણાવીશ. તેને ઉલટાવી શકાય છે ? હા કે ના માં ઉત્તર આપવા જણાવીશ. શું ફેરફાર કરવા માટે ની અન્ય કોઈ રીતે હોઈ શકે છે ? તે જણાવીશ. ચર્ચા કરીશ. વિવિધ પ્રવૃતિઓ દ્વારા તે બતાવીશ. પ્રશ્નોતરી કરીશ.

**પ્રવૃતિ / પ્રોજેક્ટ / પ્રયોગ :**

પ્રવૃતિ : ફુગ્ગા ફૂલવવો.

- પેપરમાંથી વિમાન બનાવવું.
- મીણબત્તી સલગાવવી.

**મૂલ્યાંકન :**

સ્વાધ્યાય ના પ્રશ્નોના ઉત્તરો ની ચર્ચા કરીશ. વિદ્યાર્થી ઓ ઉત્તર લખશે.

શિ ક્ષ ણ સા ગ ર

**સપ્ટેમ્બર માસ નું પાઠ આયોજન**
**ધોરણ : 6 વિષય: વિજ્ઞાન અને ટેકનોલોજી**

**પાઠ નું નામ**:
(7) વનસ્પતિની જાણકારી મેળવવી.

**અધ્યયન નિષ્પતિ :**
- પદાર્થ અને સજીવને તેના દેખાવ કાર્ય, સુવાસ અને રચના જેવા અવલોકન / અનુભૂતિ કરી શકાય તેવા લક્ષણોને આધારે ઓળખે છે.
- પદાર્થ અને સજીવોને તેમના ગુણધર્મ રચના અને કરીના આધારે જુદા પાડે છે.
- અવલોકિ શકાય તેવા ગુણધર્મના આધારે વસ્તુ, સજીવ અને પ્રક્રિયાનું વર્ગીકરણ કરે છે.
- પ્રક્રિયા અને સજીવોની નામ નિર્દેશનવાળી આકૃતિ દોરે છે.

**શૈક્ષણિક મુદ્દા :**
- આપણી આસપાસની વનસ્પતિ તેનું અવલોકન
- છોડ, ક્ષુપ અને વૃક્ષનું લક્ષણોને આધારે વર્ગીકરણ
- વનસ્પતિના ભાગો
- પ્રકાંડ તથા તેના કાર્ય
- પૂર્ણ, ભાગો તથા તેના કર્યો
- મૂળ તથા તેના પ્રકારો તથા કર્યો
- પુષ્પ તથા તેના ભાગો

**શૈક્ષણિક સાધન :**
પાઠ્ય પુસ્તક

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**
વિદ્યાર્થીઓ દ્વારા આપણી આસપાસની વનસ્પતિનું અવલોકન કરાવીશ. વનસ્પતિના ભાગો પ્રત્યક્ષ બતાવીશ. વનસ્પતિના પ્રકારો, છોડ, ક્ષુપ અને વૃક્ષનું લક્ષણો ના આધારે વર્ગીકરણ કરીશ. વિદ્યાર્થીઓને વનસ્પતિના ભાગો પ્રત્યક્ષ બતાવીશ. પ્રકાંડની સમજ આપીશ. પ્રવૃતિ દ્વારા બતાવીશ. પ્રકાંડની સમજ આપીશ. કાર્યો જણાવી ચર્ચા કરીશ. મૂળ વિષે જણાવી તેના પ્રકારો તથા કાર્યોની પ્રવૃતિ દ્વારા સમજ આપીશ. પુષ્પ તથા તેના ભાગો વિશે જણાવી ચર્ચા કરીશ. પુશપણું અવલોકન કરાવીશ. વિદ્યાર્થીઓ અવલોકન કરશે. માહિતી આપશે.

**પ્રવૃતિ / પ્રોજેક્ટ / પ્રયોગ :**
પ્રવૃતિ :
આકૃતિ દોરો.
1. વનસ્પતિ તથા ભાગો.
2. પુષ્પ તથા તેના ભાગો
3. પુશપણું સ્ત્રીકેસર

**મૂલ્યાંકન :**
સ્વાધ્યાય ના પ્રશ્નોના ઉત્તર લખવા જણાવીશ.

# વાર્ષિક માસવાર આયોજન

શિક્ષકો વિધાર્થીઓ માટે તમામ શૈક્ષણિક મટીરીયલ્સ એક જ જગ્યાએ મેળવવા **શિક્ષણસાગર એપ્લિકેશન** ડાઉનલોડ કરો.



shikshansagar.com

શિક્ષણ સાગર

The King of Education



**આવા દરેક ધોરણના વિષયવાર આયોજન શિક્ષણ સાગર એપ્લીકેશનમાં ઉપલબ્ધ છે.**